શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ

૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.

ફોન : 2429322 મો : 9824059872



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા

તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા

સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો

વૈદરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાલા ||

નિરામય આયુર્વેદિક હોસ્પિટલ

www.niramayayurveda.com — રી-સર્ચ ફોર આયુર્વેદા

ઘૂંટણનો દુઃખાવો — ઘૂંટણ ના ઘસારા — Osteoarthritis

DTRT, ઉપનાહ સ્વેદન, લેપન, વેદાગ્નિકર્મ, પંચકર્મ, EKLપંચકર્મ, પટ્ટબંધન, અગ્નિકર્મ, ક્ષારકર્મ, વેધનકર્મ (વિદ્ધકર્મ)

ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો

સુરત — 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856

સુરત — ૧૦૫, દેવાશિષ એપાર્ટમેન્ટ, ઉમરા રોડ, જાફર્સ સામે, ઇચ્છાનાથ, સુરત – ૩૯૫૦૦૭. Mo. : 75748 61851

ભરૂચ — એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866

બારડોલી — અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ વદ એકમ બુધવાર ૪ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૧૧

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦


# રિયાધમાં અમેરિકી દૂતાવાસ પર ઈરાનનો હુમલો

**અમેરિકાએ** 6 દેશોમાંથી સ્ટાફ પાછો ખેંચ્યો, 5 અઠવાડિયા સુધી જંગ ચાલવાની શક્યતા

**વિશ્વમાં** તેલ સંકટના ભણકારા

**ઈરાનના** પરમાણુ મથકો પર ઈઝરાયેલના હુમલા

### ઈરાનનું 'સત્તા કેન્દ્ર' જમીનદોસ્ત

શનિવારે આયાતુલ્લા અલી ખામેનીની હત્યા બાદ ઈરાન અત્યાર સુધીના સૌથી મોટા નેતૃત્વ સંકટનો સામનો કરી રહ્યું છે. નવા સર્વોચ્ચ નેતાની પસંદગી માટે જ્યાં બેઠક યોજાવાની હતી, તે 'એસેમ્બલી ઓફ એક્સપર્ટ્સ'ની ઈમારતને અમેરિકા અને ઈઝરાયેલે હવાઈ હુમલામાં જમીનદોસ્ત કરી દીધી છે. આ હુમલાએ ઈરાનની સત્તાવાર ઉત્તરાધિકાર પ્રક્રિયાને વેરવિખેર કરી નાખી છે. 'એસેમ્બલી ઓફ એક્સપર્ટ્સ' એ 88 મૌલવીઓની બનેલી શક્તિશાળી સંસ્થા છે, જે સુપ્રીમ લીડરની નિમણૂક અને દેખરેખ રાખે છે. ખામેનીના નિધન બાદ નવા નેતા ચૂંટવાની જવાબદારી આ સભ્યોની હતી, પરંતુ હવે તેમની સુરક્ષા અને અસ્તિત્વ પર જ સવાલો ઉભા થયા છે.

**દુબઈ, તા. 3 (AP):** મંગળવારે ઈરાને પોતાના હુમલાઓનો વ્યાપ વધારતા સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં આવેલા અમેરિકી દૂતાવાસ પર ડ્રોન હુમલા કર્યા છે. આ હુમલા બાદ વોશિંગ્ટને તાત્કાલિક અસરથી મધ્ય પૂર્વના દેશોમાંથી પોતાના સ્ટાફને પાછા ખેંચવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો છે કે આ તો માત્ર યુદ્ધની શરૂઆત છે, જેણે અત્યારથી જ વૈશ્વિક તેલ-ગેસ પુરવઠો, આંતરરાષ્ટ્રીય શિપિંગ અને હવાઈ મુસાફરીને સંપૂર્ણપણે ખોરવી નાખી છે.

યુદ્ધના ચોથા દિવસે સ્થિતિ વધુ વણસી છે. ઈઝરાયેલે લેબનોનમાં નવા ગ્રાઉન્ડ સૈનિકો મોકલ્યા છે અને ઈરાનની રાજધાની તેહરાનમાં આખી રાત પ્રચંડ વિસ્ફોટો સંભળાયા હતા. અત્યાર સુધીમાં સેંકડો લોકોનાં મોત થયાં છે, જેમાં સૌથી વધુ ખુવારી ઈરાનમાં થઈ છે.

**યુદ્ધનો વ્યાપ અને ટ્રમ્પની રણનીતિ**

પ્રમુખ ટ્રમ્પે જણાવ્યું છે કે આ સૈન્ય કાર્યવાહી 4 થી 5 અઠવાડિયા સુધી ચાલી શકે છે, પરંતુ અમેરિકા તેનાથી પણ લાંબા સમય સુધી યુદ્ધ લડવા માટે તૈયાર છે. ટ્રમ્પે 'ન્યૂયોર્ક પોસ્ટ' સાથેની વાતચીતમાં 'બૂટ્સ ઓન ધ ગ્રાઉન્ડ' એટલે કે અમેરિકી પાયદળ સૈનિકોને સીધા યુદ્ધમાં ઉતારવાની શક્યતાને પણ નકારી નથી. જોકે, અમેરિકી પ્રશાસનનો અંતિમ ઉદ્દેશ્ય હજુ સ્પષ્ટ નથી. શરૂઆતના હુમલામાં ઈરાની સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનીના મોત બાદ ટ્રમ્પે ઈરાની જનતાને તેમની સરકાર ઉથલાવી દેવા હાકલ કરી હતી, પરંતુ હવે વહીવટીતંત્ર કહી રહ્યું છે કે 'શાસન પરિવર્તન' તેમનો મુખ્ય ધ્યેય નથી.

**દૂતાવાસ પર હુમલા અને સ્થળાંતર**

સાઉદી અરેબિયાના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, રિયાધમાં અમેરિકી દૂતાવાસ પર બે ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જેનાથી ત્યાં મર્યાદિત આગ લાગી હતી. આ પહેલા કુવૈત સ્થિત અમેરિકી દૂતાવાસ પર પણ હુમલો થયો હતો, જે અત્યારે અનિશ્ચિત સમય માટે બંધ કરી દેવામાં આવ્યું છે. અમેરિકી વિદેશ મંત્રાલયે કુવૈત, બહેરીન, ઈરાક, કતાર, જોર્ડન અને યુએઈમાંથી બિન-જરૂરી કર્મચારીઓ અને તેમના પરિવારોને તાત્કાલિક નીકળી જવા આદેશ આપ્યો છે. મોટાભાગનો એરસ્પેસ બંધ હોવાથી હજારો વિદેશી નાગરિકો અત્યારે ત્યાં ફસાયેલા છે.

**જાનહાનિના આંકડા**

ઈરાનઃ અમેરિકા-ઈઝરાયેલના હુમલામાં અત્યાર સુધીમાં 787 લોકોનાં મોત થયાં છે.

ઈઝરાયેલઃ ઈરાની મિસાઈલ હુમલામાં 11 લોકોનાં મોત થયાં છે.

લેબનોનઃ ઈઝરાયેલના વળતા હુમલામાં 52 લોકો માર્યા ગયા છે.

અમેરિકી સેનાઃ સંયુક્ત આરબ

...અનુસંધાન પાના 11 પર


ગુજરાતમિત્ર

અંક બંધ

આજે ધૂળેટીના પર્વ નિમિત્તે 'ગુજરાતમિત્ર' કાર્યાલયમાં રજા રહેશે, તેથી આવતીકાલ તા. ૫-૩-૨૦૨૬નો અંક પ્રકાશિત થશે નહીં. જેની નોંધ લેવા સૌને વિનંતી.

-- વ્યવસ્થાપક


**હોર્મુઝમાંથી પસાર થતા દરેક જહાજને સળગાવી દેવાશે," IRGC કમાન્ડરનો ખુલ્લો પડકાર**

# પશ્ચિમી દેશોમાં પેટ્રોલ માટે લાંબી કતારો

**હોર્મુઝની** સામુદ્રધુની સીલ કરતા ક્રૂડ $200 થવાની ભીતિ

**લંડન/તેહરાન, તા. ૩.** ઈરાને આંતરરાષ્ટ્રીય શિપિંગ માર્ગો પર હુમલા તેજ કરી વિશ્વના સૌથી મહત્વપૂર્ણ જળમાર્ગ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' (હોર્મુઝની સામુદ્રધુની)ને અસરકારક રીતે બંધ કરવાની જાહેરાત કરી છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ દ્વારા આપવામાં આવેલી 'દરેક જહાજને સળગાવી દેવાની' ધમકીને પગલે વૈશ્વિક તેલ બજારમાં ભૂકંપ આવ્યો છે. આ તણાવને કારણે બ્રિટન સહિત સમગ્ર પશ્ચિમી દેશોમાં પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે. ઈરાની કમાન્ડર બ્રિગેડિયર જનરલ જબ્બારીએ સરકારી ટેલિવિઝન પર ચેતવણી આપી છે કે હોર્મુઝની સામુદ્રધુની હવે બંધ છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, "જે કોઈ અહીંથી પસાર થવાનો પ્રયત્ન કરશે, અમારા બહાદુર સૈનિકો તે જહાજોને આગ ચાંપી દેશે." આટલું જ નહીં, ઈરાને ઓઈલ પાઈપલાઈન પર પણ હુમલા કરવાની ધમકી આપી છે, જેના કારણે આગામી દિવસોમાં તેલના ભાવ બેરલ દીઠ $200 સુધી પહોંચી શકે છે.

...અનુસંધાન પાના 11 પર




### ઈરાન હવે મંત્રણા કરવા માંગે છે, પણ ઘણું મોડું થઈ ગયું છેઃ ટ્રમ્પ

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના બાકી રહેલા નેતાઓને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી દીધી છે કે હવે વાતચીતનો સમય પૂરો થઈ ગયો છે. તેહરાનમાં જે ઈમારતમાં ઈરાનના નવા સર્વોચ્ચ નેતાની પસંદગી થવાની હતી, તેને અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત હવાઈ હુમલામાં જમીનદોસ્ત કરી દેવામાં આવી છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે

...અનુસંધાન પાના 11 પર

### અમેરિકાનો 'બદલા'નો હુંકાર

સાઉદી અરેબિયાના રિયાધમાં સ્થિત અમેરિકી દૂતાવાસ પર થયેલા ડ્રોન હુમલા અને ઈરાનમાં છ અમેરિકી સૈનિકોના મોત બાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભયાનક જવાબી કાર્યવાહીનું વચન આપ્યું છે. સોમવારે રિયાધમાં દૂતાવાસની છત અને પરિસર પર બે માનવરહિત ડ્રોન (UAVs) ત્રાટક્યા હતા, જ્યારે અન્ય આઠ ડ્રોનને સાઉદી સંરક્ષણ મંત્રાલયે હવામાં જ તોડી પાડ્યા હતા. રાષ્ટ્રપતિ ટ્રમ્પે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ હુમલાનો બદલો 'ખૂબ જ જલ્દી' લેવામાં આવશે.

...અનુસંધાન પાના 11 પર

## દિલ્હી ડાયરી

### કોંગ્રેસી થરૂરના પુસ્તક વિમોચનમાં જયરામની સૂચક ગેરહાજરી

તાજેતરમાં દિલ્હીમાં એક જ કામકાજના દિવસે સાંજે 6 વાગ્યે પુસ્તકોને લગતા બે કાર્યક્રમો યોજાયા હતા. એક કાર્યક્રમ કોંગ્રેસના સાંસદ શશિ થરૂર દ્વારા લિખિત નારાયણ ગુરુના જીવનચરિત્રનું વિમોચન હતું અને બીજો કાર્યક્રમ તમિલનાડુના કીલાડી ખોદકામ પર સૌમ્યા અશોકના પુસ્તક પર ચર્ચાનો હતો.\ થરૂરના પુસ્તકનું વિમોચન ભારતના ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમારોહ લ્યુટિયન્સ દિલ્હીના મધ્યમાં આવેલી પ્રતિષ્ઠિત 'ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર' ખાતે યોજાયો હતો. બીજી બાજુ, સંસદ ભવન નજીક 'પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયા' ખાતે યોજાયેલા કાર્યક્રમમાં અશોકે 'ધ વાયર' ના જાહ્નવી સેન સાથે તેમના પુસ્તક વિશે ચર્ચા કરી હતી. નોંધનીય બાબત એ છે કે, કોંગ્રેસના કમ્યુનિકેશન વિભાગના વડા અને થરૂરના સાથી નેતા જયરામ રમેશે પોતાના પક્ષના સાથીદાર સાથે મંચ વહેંચવાને બદલે અશોકના કાર્યક્રમમાં હાજરી આપવાનું પસંદ કર્યું. કોંગ્રેસના મુખ્ય બૌદ્ધિક નેતા ગણાતા રમેશની થરૂરના પુસ્તક વિમોચનને બદલે અન્ય કાર્યક્રમમાં

...અનુસંધાન પાના 11 પર

# કતારે ગેસ સપ્લાય રોકતા ઉદ્યોગોમાં 40% કાપ

**કતારનું** 'ફોર્સ મેજ્યુર': ઈરાની હુમલા બાદ ગેસ ઉત્પાદન ઠપ, ભારતીય ઉદ્યોગો મુશ્કેલીમાં

**ખાતર** ઉદ્યોગ, પાવર જનરેશન અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ગેસ કાપ અમલી જનતાને અસર ન થાય તે માટે સીએનજી (CNG) અને ઘરગથ્થુ પાઈપ્ડ ગેસનો સપ્લાય હાલ પૂરતો જાળવી રાખવામાં આવ્યો છે

નવી દિલ્હી, પીટીઆઈ, તા. 3 મધ્ય પૂર્વમાં વણસેલી સ્થિતિની સીધી અને ગંભીર અસર ભારતીય અર્થતંત્ર પર પડી છે. ભારતના સૌથી મોટા ગેસ સપ્લાયર દેશ કતારે ઈરાની ડ્રોન હુમલા બાદ ઉત્પાદન ઠપ થતા 'ફોર્સ મેજ્યુર' (Force Majeure - અનિવાર્ય સંજોગોમાં સપ્લાય રોકવાની સ્થિતિ) જાહેર કરી છે. આ નિર્ણયને પગલે ભારતીય ઉદ્યોગોને મળતા ગેસ પુરવઠામાં ૧૦% થી ૪૦% સુધીનો મોટો કાપ મૂકવામાં આવ્યો છે.

ભારતની અગ્રણી ગેસ આયાતકાર કંપની પેટ્રોનેટ એલએનજી પાસે કતાર પાસેથી વાર્ષિક 8.5 મિલિયન ટન ગેસ ખરીદવાનો લાંબા ગાળાનો કરાર છે. આ ઉપરાંત, કંપની સ્પૉટ માર્કેટ (તાત્કાલિક બજાર) માંથી પણ મોટા પ્રમાણમાં ગેસની ખરીદી કરે છે. માત્ર પેટ્રોનેટ જ નહીં, પરંતુ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન જેવી કંપનીઓના સંયુક્ત આરબ અમીરાત સાથેના કરારો પણ હાલના તણાવને કારણે જોખમમાં મુકાયા છે. ઈરાન દ્વારા અખાતી દેશો પર કરવામાં આવેલા હુમલાને કારણે કતારે તેનું લિક્વિફાઈડ નેચરલ ગેસ ઉત્પાદન બંધ કરી દીધું છે. ભારત તેની વાર્ષિક જરૂરિયાતના આશરે ૪૦% LNG કતાર પાસેથી ખરીદે છે. ગેસ આયાતકાર કંપની 'પેટ્રોનેટ LNG' એ GAIL અને IOC જેવી કંપનીઓને સપ્લાય રોકાવા અંગે જાણ કરી દીધી છે. પરિણામે, ખાતર ઉદ્યોગ, પાવર જનરેશન અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ગેસ કાપ અમલી બન્યો છે. જોકે, સામાન્ય જનતાને અસર ન થાય તે માટે સીએનજી (CNG) અને ઘરગથ્થુ પાઈપ્ડ ગેસનો સપ્લાય હાલ પૂરતો જાળવી રાખવામાં આવ્યો છે.

હોર્મુઝની સામુદ્રધુનીમાં પેદા થયેલા અવરોધને કારણે શિપિંગ ખર્ચ અને વીમાના દરમાં પણ તોતિંગ વધારો થયો છે. ભારતની ૫૦% ક્રૂડ ઓઈલ આયાત અને ૫૪% LNG આયાત આ જ માર્ગેથી થાય છે, જે હાલમાં જોખમમાં છે.

**ભારતીય બજાર પર અસર**

**ઉદ્યોગોને મોટો ફટકોઃ** ગેસ પુરવઠામાં ૪૦% સુધીનો કાપ આવતા ઉત્પાદન પ્રક્રિયા પર માઠી અસર.

**ભાવમાં ભડકોઃ** સ્પોટ માર્કેટમાં ગેસના ભાવ $25 per mmBtu પર પહોંચ્યા, જે સામાન્ય કરાર કરતા બમણા છે.

**વૈકલ્પિક વ્યવસ્થાની શોધઃ** GAIL અને IOC મોંઘા ભાવે અન્ય દેશો પાસેથી ગેસ ખરીદવા મજબૂર, જેની અસર અંતે મોંઘવારી પર પડશે.

# ઈરાનની ભયાનક ધમકીઃ 'અમેરિકા-ઈઝરાયેલ માટે નરકના દ્વાર ખુલશે'

**યુરોપને** ઇરાનની ચેતવણીઃ બ્રિટન, ફ્રાન્સ અને જર્મની વચ્ચે કૂદ્યા તો ગંભીર પરિણામો ભોગવવા પડશે

તેહરાન/તેલ અવીવ, તા. ૩ : ઈરાન અને પશ્ચિમી દેશો વચ્ચે ચાલી રહેલું સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચ્યું છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ ગંભીર ચેતવણી ઉચ્ચારી છે કે અમેરિકા અને ઈઝરાયેલ માટે 'નરકના દ્વાર' ખુલી ગયા છે અને હવે પછીના હુમલાઓ વધુ ભયાનક અને વિનાશક હશે. ઈઝરાયેલ દ્વારા તેહરાનના હૃદય સમાન રાષ્ટ્રપતિ ભવન અને રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ પર કરાયેલા હવાઈ હુમલા બાદ ઈરાને વળતો પ્રહાર કરવાની સોગંધ ખાધી છે.

મધ્ય પૂર્વમાં છેડાયેલા આ યુદ્ધના ચોથા દિવસે IRGC ના પ્રવક્તા અલી મોહમ્મદ નૈનીએ સરકારી ટીવી પર આક્રમક નિવેદન આપતા કહ્યું કે, "દુશ્મનોએ સતત અને શિક્ષાત્મક હુમલાઓ માટે તૈયાર રહેવું જોઈએ. ક્ષણે-ક્ષણે અમેરિકા અને ઈઝરાયેલ માટે નરકના દ્વાર વધુને વધુ ખુલતા જશે." આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે રવિવારથી શરૂ થયેલા અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત ઓપરેશનમાં ઈરાનમાં સેંકડો લોકોના મોત થયા હોવાના અહેવાલ છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ લશ્કરી કાર્યવાહી પાંચ અઠવાડિયા કે તેથી વધુ સમય સુધી ચાલી શકે તેવા સંકેતો આપ્યા છે. બીજી તરફ, ઈરાને માત્ર ઈઝરાયેલ જ નહીં પરંતુ સાયપ્રસમાં આવેલા બ્રિટિશ એરબેઝ અને ખાડી દેશોને પણ નિશાન બનાવવાની ધમકી આપી આખા પ્રદેશને યુદ્ધની જ્વાળાઓમાં ધકેલી દીધો છે. ઈઝરાયેલે ગઈકાલે રાત્રે તેહરાનમાં સર્જિકલ સ્ટ્રાઈક કરી ઈરાની શાસનના વડામથકોને ધ્વસ્ત કર્યા હોવાનો દાવો કર્યો છે, જેનાથી સ્થિતિ વધુ સ્ફોટક બની છે.

ઈરાને માત્ર અમેરિકા જ નહીં, પરંતુ સમગ્ર યુરોપને પણ આ સંઘર્ષમાં ન પડવા માટે સીધી ધમકી આપી છે. બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીએ જ્યારે

...અનુસંધાન પાના 11 પર

# ભારત પાસે 8 અઠવાડિયા સુધી ચાલે તેટલો તેલનો સ્ટોક ઉપલબ્ધ

**ક્રુડ** 25 દિવસ ચાલે એટલું અને બીજા ૨૫ દિવસ ચાલે તેટલું પેટ્રોલ-ડીઝલ

નવી દિલ્હી, તા. ૩ : મધ્ય પૂર્વ (પશ્ચિમ એશિયા) માં વધી રહેલા સૈન્ય સંઘર્ષ અને હોર્મુઝની સામુદ્રધુનીમાં પેદા થયેલા અવરોધ છતાં ભારત સરકાર આત્મવિશ્વાસમાં છે. ટોચના સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત પાસે સ્થાનિક જરૂરિયાતો પૂરી કરવા માટે આગામી ૬ થી ૮ અઠવાડિયા (આશરે ૬૦ દિવસ) સુધીનો ક્રૂડ ઓઈલ અને ઈંધણનો પર્યાપ્ત સ્ટોક ઉપલબ્ધ છે.

ભારત સરકાર કલાકે કલાકે સ્થિતિનું નિરીક્ષણ કરી રહી છે. તેલ મંત્રાલયે દેશભરમાં ઈંધણના પુરવઠા પર નજર રાખવા માટે ૨૪x૭ કંટ્રોલ રૂમ સ્થાપિત કર્યો છે. ભારતની સુરક્ષા વ્યવસ્થાના મુખ્ય પાસાઓ નીચે મુજબ છેઃ

**પર્યાપ્ત સ્ટોકઃ** ભારત પાસે અત્યારે ૨૫ દિવસ ચાલે તેટલું ક્રૂડ ઓઈલ અને બીજા ૨૫ દિવસ ચાલે તેટલું પેટ્રોલ-ડીઝલ (રિફાઈનરી અને પાઈપલાઈનમાં) ઉપલબ્ધ છે. આ ઉપરાંત મંગલોર, પાદુર અને વિશાખાપટ્ટનમમાં આવેલા સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વમાં અંડરગ્રાઉન્ડ સ્ટોરેજ પણ સુરક્ષિત છે.

**હોર્મુઝ પર નિર્ભરતામાં ઘટાડોઃ** ભારત તેના ક્રૂડ ઓઈલની ૫૦% આયાત હોર્મુઝ દ્વારા કરે છે, પરંતુ બાકીની ૬૦% સપ્લાય એવા માર્ગોથી આવે છે જે આ જોખમી વિસ્તારમાં પડતા નથી.

**વૈકલ્પિક સ્ત્રોતઃ** જો સંકટ લાંબુ ચાલે, તો ભારત અમેરિકા, રશિયા, પશ્ચિમ આફ્રિકા અને લેટિન અમેરિકા જેવા દેશો પાસેથી તેલની ખરીદી વધારી શકે છે.

**LPG સંકટનું સમાધાનઃ** સાઉદી અરેબિયામાં પાઈપલાઈનની ખામીને કારણે ઉભી થયેલી ૧.૨૦ લાખ ટન ગેસની અછતને પૂરી કરવા માટે સરકાર અન્ય ઉત્પાદકોનો સંપર્ક કરી રહી છે.

### તા. 03-03-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૭.૪° સે. | ૧૯.૪° સે. | ૨૫% |


